# ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ

## આચાર્ય જોઈએ છે

ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત નીચે જણાવેલ બીનસરકારી અનુદાનિત કોલેજોમાં આચાર્યની જગ્યાઓ ભરવા માટે સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,ગાંધીનગર દ્વારા મંજૂરી મળેલ છે. જેમાં નિયત લાયકાત ધરાવતા ઉમેદવારની અરજીઓ મંગાવવામાં આવે છે.

(૧) એમ.બી.પટેલ સાયન્સ કોલેજ (https://www.mbpatelscience.ac.in)
(એન.ઓ.સી પત્ર ક્રમાંક – કવટ/ISC8/આ.ભરતી/૨૦૨૩/૨૧૭૪૨–૪૩ તા. ૦૨/૧૧/૨૦૨૩)

(૨) ભીખાભાઇ પટેલ આર્ટસ કોલેજ (https://www.bpac.ac.in)
(એન.ઓ.સી પત્ર ક્રમાંક – કવટ/ISC8/આ.ભરતી/૨૦૨૩/૨૧૮૫૪–૫૫ તા. ૦૨/૧૧/૨૦૨૩)

**લાયકાત અને અનુભવ:** યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુ.જી.સી) ની માર્ગદર્શિકા પ્રમાણે ઉમેદવારે માન્ય યુનિવર્સિટીમાંથી અનુસ્નાતક ડીગ્રી ૫૫% ગુણ સાથે અને પી.એચ.ડી ડિગ્રી પ્રાપ્ત કરેલી હોવી જોઇએ. કોલેજ, યુનિવર્સિટી કે ઉચ્ચ શિક્ષણની અન્ય સંસ્થાઓનો એસોસિએટ પ્રોફેસર/પ્રોફેસર તરીકેનો ઓછામાં ઓછો ૧૫ વર્ષનો શૈક્ષણિક/સંશોધન અનુભવ ધરાવતા હોવા જોઇએ તેમજ સરકારશ્રીના વખતો વખતના ઠરાવો તથા શિક્ષણ વિભાગના તા. ૨૪–૦૫–૨૦૨૧ ના ઠરાવથી નિયત ગુણાંકન/લાયકાત અને યુ.જી.સી રેગ્યુલેશન – Appendix-II Table –૨ મુજબ નિયત ગુણાંકન ધરાવતા હોવા જોઇએ. ઉમેદવાર ભારતીય નાગરિક હોવો જોઇએ.

**પગાર ધોરણ :** પગાર ધોરણ ગુજરાત સરકારશ્રી તથા યુ.જી.સીના નિયમ મુજબ મળવાપાત્ર થશે.

માન્ય ઉમેદવારે ધોરણ ૧૨થી અનુસ્નાતક કક્ષા સુધીની તમામ પરીક્ષાઓની માર્કશીટ, સંશોધનોના પત્રો તેમજ અનુભવના પ્રમાણપત્રો તથા અન્ય પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલો સાથે અરજી જાહેરાત પ્રસીદ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં **મંત્રીશ્રી, ચરોતર એજ્યુકેશન સોસાયટી, ડી.એન. હાઈસ્કૂલ કેમ્પસ, સ્ટેશન રોડ, આણંદ - ૩૮૮૦૦૧, જિ-આણંદ** ના સરનામે રજીસ્ટર પોસ્ટ એડી/પોસ્ટ એડી/સ્પીડ પોસ્ટથી મોકલવાની રહેશે. અધુરી વિગતવાળી તથા નિયત સમય મર્યાદા પછીથી આવેલ અરજીઓને ધ્યાને લેવામાં આવશે નહી. નોકરી કરતા હોય તેવા ઉમેદવારોએ વર્તમાન સંસ્થાનું એન.ઓ.સી (NOC) અરજી સાથે જોડવાનું રહેશે. ઇચ્છુક ઉમેદવારોએ ચરોતર એજ્યુકેશન સોસાયટીની વેબસાઇટ https://www. cesociety.in તથા ઉપરોકત દર્શાવેલ સંસ્થાઓની વેબસાઇટમાં દર્શાવેલ નિયત અરજી ફોમમાં અરજી કરવાની રહેશે. ઉમેદવારે કવર ઉપર ''આચાર્યની ભરતી''અને કઇ કોલેજમાં અરજી કરેલ છે તે અવશ્ય લખવાનું રહેશે.

તા. : ૨૫/૧૧/૨૦૨૩
સ્થળ : આણંદ

મંત્રીશ્રી, કેતનકુમાર પી. પટેલ

CHAROTAR EDUCATION SOCIETY * ANAND